ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૭ ટકા

**ગાંધીનગર તાપમાન**

# રથયાત્રામાં બેકાબુ બનેલા ઘોડાએ બે ને અડફેટે લીધા





રથયાત્રા દરમિયાન સેકટર-૭ શોંપીગ સેન્ટર નજીક રથાયાત્રા પહોંચી ત્યારે અચાનક હોહા મચી ગઈ હતી કેમ કે દસ થી પંદર જેટલા ઘોડેસવારો જે રથયાત્રાના આકર્ષણના કેન્દ્ર હતા તે પૈકીનો એક ઘોડો અચાનક ભડકી ઉઠ્યો હતો. બેકાબુ બનેલો આ ઘોડો તેના માલિકના વશમાં પણ રહ્યો ન હતો. જગન્નાથજીના દર્શને આવેલા ભકતો આ ઘોડાની ધમાચકડીનો ભોગ બન્યા હતા. એક મહિલા સહિત ત્રણ ભકતોને ઘોડાની લાત વાગતા ઘવાયા હતા. જે પૈકી બે ભકતોને વધુ ઈજાઓ થતા તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. કડી તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં રહેતા અને ડીપીએસ સ્કુલમાં ફરજ બજાવતા ફાલ્ગુનીબેન પટેલ અને ખોડાભાઈ ઠાકોર બંન્ને ઈજાગ્રસ્તની હાલત ગંભીર જણાતા તેમને હોસ્પિટલાઈઝ્ડ કરવા પડ્યા હતા. તબિબિ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હાલ બંન્નેની સ્થિતિ તંદુરસ્ત છે. તો બીજી તરફ તકેદારીના ભાગરૂપે બેકાબુ બનેલા આ ઘોડાઓને રથની આગળ રાખવા ઘોડેસવારોને પોલીસે સુચના આપી હતી.

## લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા ગાંધીનગરથી વીરપુર બસ યાત્રા પ્રવાસનું આયોજન

આગામી તા. ૨૨-૦૭-૨૦૧૮ના રોજ લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા ગાંધીનગરથી વિરપુર બસ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. આ બસ પ્રવાસમાં ગાંધીનગરથી સારંગપુર, વીરપુર, ચોટીલાનો ધાર્મિક પ્રવાસ કરાવવામાં આવશે. જે કોઈ આ ધાર્મિક યાત્રા પ્રવાસનો લાભ લેવા ઈચ્છુક હોય તો તેમણે તેમનું નામ મેનેજરશ્રી, જલારામ મંદિર, સે. ૨૯, ફોન : ૨૩૨૨૩૬૧૪, મો. ૯૮૨૪૨૬૦૨૮૬ અથવા કારોબારી સભ્યોનો સંપર્ક કરી નોંધાવવા વિનંતી છે. સૌ ભક્તજનોને ધાર્મિક યાત્રા પ્રવાસનો લાભ લેવા મંત્રી ચિંતન ઠકકર તથા પ્રમુખ નિલેશ પુજારા દ્વારા જણાવાયું છે.




ગાંધીનગર શહેરમાં નીકળેલી ભગવાન જગન્નાથની ૩૪મી રથયાત્રામાં ભકતો માટે વિવિધ સ્થળોએ પાણી, શરબત, છાશ, ચા, નાસ્તો, મહાપ્રસાદ બટકાપૌંવા સહિતનો નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યારે સેકટર-૭ વેપારી મંડળ દ્વારા સતત ૩૪ વર્ષથી ભગવાન જગન્નાથના ભકતો માટે છાશ અને પાણીનું વિતરણ કરાયું હતું. જેમાં તમામ મિત્રો મંડળના સભ્યો હાજર રહ્યા હતા.



રથયાત્રાના પવિત્ર તહેવાર નિમિત્તે શહેરની મેજીક હેટ પ્રિ પ્રાયમરી સ્કૂલના ભૂલકાંઓએ ભગવાન જગન્નાથજી, બલરામજી, સુભદ્રાજી વગેરેની વેશભૂષામાં ઉજવણી કરતા સુંદર દશ્ય સર્જાયું હતું. આ ભૂલકાંઓએ તેમની કાલીઘેલી બોલીમાં 'જય રણછોડ...માખણ ચોર...'ના જયઘોષ કર્યા હતા.

## રથયાત્રાના માર્ગ પર ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ સફાઈ અભિયાન હાથ ધર્યું

ભગવાન જગન્નાથની રથયાત્રા જે માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તે માર્ગ પર ભકતો માટે પાણીની બોટલ, નાસ્તો, અને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રથયાત્રાના રૂટ પર ઠેર ઠેર પ્લાસ્ટીક તેમજ કાગળનો કચરો નજરે પડતો હતો. સમગ્ર રુટની સફાઈનું કામ જે.એમ. ચૌધરી કોલેજની ૪૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ કર્યું હતું.





## ભૂલકાંઓએ બતાવ્યો ટેક-વોન-ડો માર્શ આર્ટનો કરતબ

રથયાત્રા એ એવો લોક તહેવાર છે જેમાં ગરીબથી માંડીને તવંગર અને નાનાં ભૂલકાંથી માંડીને વડીલો સહિત સૌ કોઈ હોંશથી જોડાય છે અને વિવિધ રીતે પોતાની શ્રધ્ધા વ્યકત કરે છે. શહેરમાં ટેક-વૉન-ડૉ માર્શલ આર્ટની તાલીમ લઈ રહેલા ભૂલકાંઓએ રથયાત્રામાં જોડાઈ વિવિધ કરતબ રજૂ કર્યા હતા. જેમાં તેમણે મટકી ફોડથી માંડી સ્વબચાવના દાવમેચનો સમાવેશ થાય છે.




ગાંધીનગરમાં ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળ્યા હતા. જયારે પ્રભુ ખુદ સામે ચાલીને દર્શન આપવા આવે ત્યારે ભકતો તેમની કાગડોળે વાટના જુએ તો જ નવાઈ..!! સેકટર-૨૪માં રથયાત્રાની રાહ જોઈને વસાહતીઓએ ખૂબ મોટી સંખ્યામાં રોડની બંને તરફ શિસ્તપૂર્વક ઉભા રહી પ્રભુના રથના આગમનની પ્રતિક્ષા કરી હતી અને જયારે રથ આવી પહોંચ્યો ત્યારે દર્શન કરી ધન્ય થવા સાથે મગ-કાકડી-જાંબુના પ્રસાદની મોજ માણી હતી.

# ડભોડા પાસે દાદુનગર રોડ પર હિટ એન્ડ રન : એકનું મૃત્યુ

## બાઈક ચાલકને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો

ગાંધીનગર, તા.૧૪

ડભોડા પાસે આવેલા દાદુનગર રોડ ઉપરથી પસાર થઈ રહેલા બાઈક ચાલક યુવાનને ગઈ મોડી સાંજે બેફામ જતા અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી દેતા બાઈકચાલક યુવાનનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. તો બીજી તરફ બાઈક ચાલક યુવાનને મોતને ઘાટ ઉતારી અજાણ્યો વાહન ચાલક તેનું વાહન લઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. હિટ એન્ડ રન પ્રકરણમાં ડભોડા પોલીસે મૃતક યુવાનના ભાઈની ફરિયાદને આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી સીસીટીવી ફુટેજ મેળવી તેના સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ડભોડાના દાદુનગર વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળા સામે રહેતા વિનુજી અરજણજી સોલંકી ગઈકાલે મોડી સાંજે પોતાનું બાઈક નંબર જીજે ૧૮ એ.એન ૧૬૧૨ લઈને દાદુ નગર રોડ તરફ એમ.એચ વિદ્યામંદિર સ્કૂલ પાછળના રસ્તેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમના બાઈકને આ માર્ગ ઉપરથી બેફામ ગતિએ જતા અજાણ્યા વાહને જબરદસ્ત ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈકચાલક બાઈક સાથે ફંગોળાઈને રોડ ઉપર પટકાયો હતો. તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ તેનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. બીજી તરફ હિટ એન્ડ રન કરીને અજાણ્યો વાહન ચાલક ત્યાંથી પળવારમાં જ રફુચક્કર થઈ ગયો હતો. ઘટનાની જાણ મૃતક વિનુજીના પરિવારને થતા સ્થળ પર દોડી આવ્યા હતા અને પોલીસને પણ બોલાવી લેવામાં આવી હતી. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતકના મોટા ભાઈ લક્ષ્મણજી અરજણજી સોલંકીની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી ડભોડા પોલીસે તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

# પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીના ૮૪મા જન્મદિનની સદભાવભરી ઉજવણી





ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં ચાલીસ વર્ષથી સ્વચ્છતા, શિષ્ઠતા, સમયપાલનતા વગેરે સંસ્કારોની સરિતા વહાવતાં પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીના ૮૪મા જન્મદિને યુવાનો દ્વારા તેમજ બાળકો દ્વારા અનેક પ્રેરણાદાયી કાયક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ.ગુરૂજીને શુભેચ્છા પાઠવવા માટે હજારો ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

પૂ. શાસ્ત્રી સ્વામીને જન્મદિને પોતાના લાગણી સદભાવનું સમર્પણ કરવા અનેક મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલીકાના ડેપ્યુટી મેયર માનનીય દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહા, પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિનભાઈ પટેલ તેમજ ભાજપ યુવા મોરચાના પ્રમુખ જીજ્ઞેશભાઈ પી. પટેલ વગેરે મહાનુભાવોએ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગને પૂ.શાસ્ત્રી સ્વામીને સમાજને સંદેશ આપતા કહ્યું હતું કે – ઘરમાં સંપ-સદ્ભાવ રાખો અને શાસ્ત્ર વાંચનનું નિયમ રાખો તો ભગવાન સુખી રાખશે.

આ પ્રસંગે ૮૫ વૃક્ષો ભક્તોને આપવામાં આવ્યા અને જેને વાવીને ઉછેરવાની પ્રેરણા આપવામાં આવી. ૭ શાળાનાં વિદ્યાર્થીઓને ચોપડા-પેનોનું વિતરણ કરાયું તેમજ વુધ્ધાશ્રમના વૃધ્ધોને તથા મુકબધીર શાળાના દિવ્યાંગ બાળકોને ભાવભર્યું ભોજન કરાવવામાં આવ્યું હતું.

## ફેકલ્ટી ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓએ દાંડીકુટીરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ તેમજ વકીલ ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન સે-૨૩ ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તાજેતરમાં સેકટર-૧૩, ગાંધીનગર ખાતે આવેલ દાંડી કુટીરની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત તાલીમાર્થીઓને ગાંધીજીની જીવન શૈલી તેમજ તેમના કાર્યોનો પરિચય મળી રહે તે હેતુથી કરવામાં આવી હતી. દાંડીકુટીરની મુલાકાત દરમિયાન ગાંધીજીનું બાળપણ તેમના જીવનને અસર કરતા પરિબળો, ગાંધીજીનો વકીલાત તરીકેનો અનુભવ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ, ઈન્ડિયા પરત આવ્યા પછી ભારતમાં સ્વતંત્રતા સંગ્રામ માટે યોજેલી વિવિધ ચળવળો વિગેરેનું પ્રદર્શન નિહાળ્યું હતું.





## હેપ્પી યુથ કલબે ગાંઠીયા ખવડાવ્યા પછી સફાઈ કરી

શહેરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થા દ્વારા રથયાત્રાના સ્વયંસેવકો તેમજ તમામ ભાવિક ભકતોને ગાંઠીયાનો નાસ્તો કરાવ્યો હતો. ઉલ્લેખનીય બાબત એ છે કે આ સ્થળેથી રથયાત્રા પસાર થઈ ગયા બાદ હેપ્પી યુથ કલબના સ્વયં સેવકોએ સમગ્ર વિસ્તારની સફાઈ કરી દીધી હતી.



સેકટર-૨૪માં રથયાત્રા પ્રવેશી ત્યારે માનવ મહેરામણ દર્શનાર્થે ઉમટી પડયો હતો. આ સાથે ભગવાન જગન્નાથજીના દર્શન કરવા સ્વામી વિવેકાનંદ સ્કૂલના બાળકો નાના બાળ કાનુડાની વેશભૂષામાં સજ્જ થઈ રાહ જોતા હતા ત્યારે મનોરમ્ય દશ્ય સર્જાયું હતું.

## ચિરવિદાય

- સ્વ. પટેલ રમણભાઈ કચરાભાઈ, ઉ.વ. ૮૮
- સ્વ. લતાબેન ઉમેદભાઈ હિંગુ, ઉ.વ. ૫૦
- સ્વ. કેશરીસિંહ રાયજીસિંહ સોલંકી, ઉ.વ. ૮૨
- સ્વ. શકરીબેન ગાભાજી ઠાકોર, ઉ.વ. ૫૩
- સ્વ. પટેલ અંબાલાલ લાલદાસ, ઉ.વ. ૭૭